ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૨૪(૩)૦૬
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, વડી કચેરી,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૧૬–૦૨–૨૦૧૦.

:–: પરિપત્ર :–:

વિષય:– <u>નિગમની વસાહતોમાં આવેલ ઔદ્યોગિક પ્લોટ / શેડ, રહેણાંક પ્લોટના એકત્રિકરણની સત્તાની સોંપણી બાબત.</u>
સંદર્ભ:– <u>નિગમના નીતિ વિષયક પરિપત્ર ક્રમાંક.ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પીઓએલ/૧–૩૧–૪૪૧/૯૪ તા.૦૩–૦૬–૧૯૯૪</u>

નિગમની જુદી જુદી વસાહતોમાં આવેલ એકજ માલિક, ભાગીદારો કે પ્રાઈવેટ લીમીટેડ, લીમીટેડ કંપની એક કરતા વધુ એકમ ધરાવતા હોય તેવા કિસ્સાઓમાં પ્લોટ / શેડ વિગેરેની એકત્રિકરણ કરવા માટેની દરખાસ્ત મળે છે. જે બાબતે નિગમે સંદર્ભદર્શિત પરિપત્રથી સુચનાઓ જારી કરેલ છે. જેમાં, કેટલીક શરતોને આધિન એકત્રિકરણની દરખાસ્ત મંજુર કરવાની સત્તા પ્રાદેશિક મેનેજરશ્રીઓને સોંપવામાં આવેલ છે. આમછતાં અનુભવે એવું જણાયેલ છે કે એકત્રિકરણ કરવાના તમામ કિસ્સાઓ ક્ષેત્રિય કચેરી દ્વારા મંજુરી અર્થે વડી કચેરીએ સાદર કરવામાં આવે છે. ઉકત સંજોગોમાં નિગમના વહીવટમાં વધુ સરળતા લાવવા તેમજ એકત્રિકરણની દરખાસ્તોમાં થતાં વિલંબને નિવારવા સારૂ હાલમાં એક કરતાં વધુ લગત પ્લોટ / શેડના એકત્રિકરણ કરવાની સત્તા નીચેની શરતોને આધિન વિભાગીય પ્રબંધકશ્રીને આપવામાં આવે છે.

<u>(૧)</u> જે કિસ્સાઓમાં માર્જીનમાં છુટછાટ મેળવવાની થતી ન હોય.
<u>(૨)</u> વધારાની કોઈ પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવાની થતી ન હોય.
<u>(૩)</u> બિલ્ડીગ બાયલોઝ પ્રમાણેનું સ્થળે બાંધકામ થયેલ હોય.
<u>(૪)</u> એકત્રિકરણની દરખાસ્તની મંજુરી બાદ વસાહતના વિકાસ નકશામાં મંજુરી મુજબનો સુધારો આમેજ કરાવવાની જવાબદારી જે તે વિભાગીય પ્રબંધકશ્રીની રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ ઉપરોકત નીતિ વિષયક સુચનાઓની નોંધ લેવી અને તેનો ચુસ્તપણે અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર (વિતરણ) ને પાઠવવી.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ.
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ તેમજ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળોના પ્રમુખશ્રીઓને જાણ કરવા સારૂ.

રવાના કર્યુ.
કાર્યપાલક નિયામક(મહેકમ)